# પાઠ ; ૧૪ ઈતિહાસનો ગઢ જુનાગઢ , પાઠ : ૧૫ ઉખાણાં

## પ્રશ્ન અભ્યાસ

### (ક) પ્રશ્નોના જવાબ.

(૧) ચંદ્રગુપ્ત મૌર્યએ જૂનાગઢને સૌરાષ્ટ્રનું પાટનગર બનાવ્યું.

(૨) જૂનાગઢનું પ્રાચીન નામ ગિરિનગર હતું.

(૩) જૂનાગઢની મધ્યમાં જે કિલ્લો આવેલો છે તે ઉપરકોટના નામથી ઓળખાય છે.

(૪) જૂનાગઢમાં ઉપરકોટ, બાલી મકબરો, બહાઉદ્દીન મકબરો, ગિરનાર પર્વત, ઈન્દ્રેશ્વર, આત્મેશ્વર, જટાશંકર, શક્કરબાગ, ગાયત્રી મંદિર વગેરે જોવાલાયક સ્થળો છે.

(૫) ગુજરાતનો સૌથી ઊંચો પર્વત ગિરનાર છે જે જૂનાગઢમાં આવેલ છે.

### (ખ) સવિસ્તાર ઉત્તર.

(૧) ગિરનાર પર્વત ગુજરાતનો સૌથી ઊંચો પર્વત છે. જેનું સૌથી ઊંચુ શિખર ગોરખ શિખર ૩૬૦૦ ફૂટ ઊંચાઈ ધરાવો છે. ગિરનાર પર્વત પર અંબાજી મંદિર, ગૌમુખી ગંગા તેમજ જૈન મંદિરો આવેલા છે. એવું કહેવાય છે કે ગિરનાર પર્વતના કુલ ૯૯૯૯ પગથિયા છે, જે ઈ.સ. ૧૧૫૨ ની આસપાસ ત્યાંના રાજા કુમારપાળે બનાવ્યા હતા. દર વર્ષે કારતક સુદ અગિયારસે ગિરનાર ફરતે ૩૭ કિ.મી.ની ચાર દિવસની પરિક્રમાનું આયોજન થાય છે. જેમાં સાધુ-સંતો તથા ભક્તજનો ભાગ લે છે. ગિરનારની ગૂફાઓમાં અઘોરી બાવાઓ પણ રહે છે. ગિરનારનું પ્રાકૃતિક સૌંદર્ય અદ્ભૂત છે.

(૨) જૂનાગઢ ખૂબ જ પ્રાચીન ઐતિહાસિક શહેર છે. ઈ. સ. પૂર્વ ૩૨૨ પછી ચંદ્રગુપ્ત મૌર્યે સૌરાષ્ટ્ર જીતીને જૂનાગઢને સૌરાષ્ટ્રનું પાટનગર બનાવ્યું. જૂનાગઢનું મૂળ નામ ગિરિનગર હતું. જૂનાગઢમાં ઘણા ઐતિહાસિક તેમજ ધાર્મિક સ્થળો આવેલાં છે. જૂનાગઢની મધ્યમાં એક ઐતિહાસિક કિલ્લો આવેલો છે. જે ઉપરકોટનાં નામથી ઓળખાય છે. પ્રાચીન સમયમાં સમ્રાટ અશોકે પોતાનો સંદેશો પથ્થર પર કોતરાવેલ છે જે અશોકનો શિલાલેખ આજે પણ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. જૂનાગઢમાં ગુજરાતનો સૌથી ઊંચો ઐતિહાસિક પર્વત ગિરનાર પોતાનું આગવું સ્થાન ધરાવે છે. આવા અનેક ઐતિહાસિક સ્થળો જૂનાગઢમાં હોવાથી કહી શકાય કે જૂનાગઢ ઐતિહાસિક વારસો છે.

## ભાષા અભ્યાસ

### (ક) વિરોધી શબ્દ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રાચીન | × | અર્વાચીન | રક્ષણ | × | ભક્ષણ |
| યૌવન | × | ઘડપણ | રાજા | × | રંક |
| મહેલ | × | ઝૂંપડી | | | |

### (ખ) સાચી જોડણી.

સામ્રાજ્ય, મહેલ, રક્ષણ, જિલ્લો, સૌરાષ્ટ્ર, ગિરિનગર, મૌર્ય

### (ગ) સમાનાર્થી શબ્દ.

પ્રાચીન - જૂનું
પર્વત - ગિરિ
યૌવન - યુવાની
શિખર - ટોચ
શૂરવીર - બહાદુર

## પ્રશ્ન અભ્યાસ

### (ક) ઉખાણાં સને તેના જવાબો.

(૧) બે પગ છે પણ માણસ નથી.
વાહન છે પણ લાયસન્સ નથી. – સાયકલ

(૨) આકાશે હું ઉડતો જાઉં
દોરી પકડો ચગતો જાઉં
રંગબેરંગી રૂપ મારા
હવામાં હું તરતો જાઉ. – પતંગ

(૩) ગોળ-ગોળ ફરતી થાળી,
ત્રણ-ત્રણ હાથ વાળી,
હવા સરસર ફેંકુ છું,
સૌને ઠંડક આપું છું. – પંખો

### (ખ) પ્રશ્નોના જવાબ.

(૧) માં તરીકે ગાય પૂજાય છે.

(૨) સૂરજ સવારે આવે ને સાંજે જાય છે.

(૩) હાથી વિશે વાક્યો :

૧. હાથી રંગે કાળો હોય છે.
૨. તેનાં પગ થાંભલા જેવા હોય છે.
૩. હાથી શરીરે અલમસ્ત હોય છે.
૪. હાથીને લાંબી સૂંઢ, સફેદ લાંબા દાત અને સૂપડાં જેવા કાન હોય છે.
૫. હાથીને પાણીમાં રહેવું ખૂબ જ ગમે છે.

## ભાષા અભ્યાસ

### (ક) 'તી' વાળા શબ્દો:

(૧) આવતી, (૨) જતી, (૩) બેસતી, (૪) ગાતી, (૫) નહાતી

# પાઠ-૧૧ કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ
## અભ્યાસ-ઉત્તર

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ.**

(૧) કવિ કુદરતને પૂછે છે કે કૂંજનમાં શી કક્કાવારી ?

(૨) માનવ હું હું હું કરતો ઘૂરકે છે એટલે કે માનવ અભિમાની બનીને ફરે છે.

(૩) લખપતિઓ લાખો રૂપિયાનો નફો કરે છે પણ તેમાં સાચું કેટલું ને ખોટું કેટલું તે કળી શકાતું નથી.

(૪) જ્યારે માણસ થોભી જાય એટલે કે એનો વિકાસ અટકી જાય ત્યારે સમાજ થૂ થૂ કરશે.

(૫) પરમેશ્વર માણસને પૂછશે કે જીવન દરમિયાન દુનિયાનાં માણસોનાં સુખ-દુઃખમાં ક્યાંય ભાગ લીધો હતો ને કોઈનું દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કર્યો હતો.

**(ખ) પંક્તિ સમજાવો.**

(૧) ઘૂવડ સમા ઘૂઘવાટા કરતો,
માનવ ઘૂરકે હું હું હું

**ભાવાર્થ :** કવિએ આ પંક્તિમાં મનુષ્યનાં સ્વભાવનું વર્ણન કર્યું છે. કવિ કહે છે કે માણસ પોતાની જાતમાં બહુ અભિમાની થઈને ફરે છે. કવિએ ઘુવડનું ઉદાહરણ લઈને માનવની સરખામણી મૂર્ખ માણસ સમાન ગણી છે, જે માણસ અભિમાની થઈને ફરે છે તે મૂર્ખ છે.

(૨) પરમેશ્વર તો પહેલું પૂછશે,
કોઈનું સુખ-દુઃખ પૂછ્યુ'તું ?

**ભાવાર્થ :** કવિ મીનપિયાસી અહીં જીવનનાં અગત્યનો ધ્યેય રજૂ કરે છે. માણસનાં જીવનનો મુખ્ય ઉદ્દેશ્ય માનવતા દર્શાવવાનો હોવો જોઈએ. એવું વર્ણવતાં કવિ કહે છે કે મૃત્યુ પછી જ્યારે પરમેશ્વર કર્મોનાં લેખાજોખા કરશે ત્યારે પ્રશ્ન પૂછશે કે જીવન દરમિયાન તમે ક્યારેય કોઈના સુખ-દુઃખમાં ભાગ લીધો હતો ? ત્યારે હે માણસ ! તું શું જવાબ આપીશ ?

# પાઠ-૧૨ કાર્ટૂન પિતા : વોલ્ટ ડિઝની

## અભ્યાસ- ઉત્તર

**(ક) નીચેના પ્રશ્નોનાં જવાબ લખો.**

(૧) વોલ્ટ ડિઝનીએ 'મીકી માઉસ' કાર્ટૂન ફિલ્મ બનાવી.

(૨) વોલ્ટ ડિઝનીનો જન્મ ૫ ડિસેમ્બર ૧૯૦૧ ના રોજ અમેરિકાનાં શિકાગો શહેરમાં થયો હતો.

(૩) વોલ્ટ ડિઝનીએ બાળપણમાં જર્મન, ફ્રેંચ, ઈંગ્લીશ, નિગ્રો તેમજ આયરિશ સંસ્કૃતિની લોક કથાઓ તથા પરિકથાઓ સાંભળેલી તેમાંથી તેણે કાર્ટૂન બનાવવાની પ્રેરણા લીધી.

(૪) ડોનાલ્ડ ડકનો સ્વભાવ ગરમ મિજાજી અને ગૂંચવાડા ઊભા કરવાનો હતો.

(૫) અમેરિકાના લોસ એન્જલ્સ સીટીમાં વોલ્ટ ડિઝનીએ 'ડિઝની લેન્ડ' વસાવ્યું છે.

**(ખ)** (૧) વોલ્ટ ડિઝનીના પાત્રોની વિશેષતાઓ વિશે વિદ્યાર્થીને પાઠના આધારે જાતે જ લખવાનું કહો.

(૨) કાર્ટૂન ફિલ્મ વિશે વિદ્યાર્થીઓ જાતે જ લખવાની પ્રેરણા આપો.

| (ઘ) કાર્ટૂનપાત્ર | સ્વભાવ / લક્ષણ |
|---|---|
| મીકી માઉસ | યુક્તિ બાજ |
| ડોનાલ્ડ ડક | ગરમ મિજાજી |
| ઓસ્વાલ્ડ | લાંબા કાનવાળું સસલું |
| ગુફી | ગરબડીયો |
| સ્નો વ્હાઈટ | નિર્દોષ |

**ભાષા અભ્યાસ**

**(ક) વિરોધી શબ્દ.**

(૧) નિર્દોષ × દોષી

(૨) ગમતું × અણગમતું

(૩) કાલ્પનિક × અકાલ્પનિક

(૪) જાણીતા × અજાણ્યા

(૫) શાંત × અશાંત

**(ખ) સમાનાર્થી શબ્દો.**

(૧) જીવન - જિંદગી

(૨) ગૂંચવાડો - મૂંઝવણ

(૩) યુક્તિ - ઉપાય

(૪) કાન - કર્ણ

(૫) જંગલ - વન

# કાવ્ય-૧૩ શિવાજીનું હાલરડું

## અભ્યાસ-ઉત્તર

**(ક) પ્રશ્નોનાં જવાબ.**

(૧) રામ-લક્ષ્મણની વાર્તા બાળક શિવાજીએ સાંભળી.
(૨) કવિ કહેવા માંગે છે કે આવનારા સમયમાં ઘણી મુશ્કેલીઓ વેઠવી પડશે. તે માટે તૈયાર રહેવું.
(૩) કવિ બાળક શિવાજીને ઘૂઘરા, ધાવણી, પોપટ અને લાકડી વડે રમવાનું કહે છે.
(૪) કવિ દેશની રક્ષા કરવા માટે બાળક શિવાજીને લડવાનું કહે છે.

**(ખ) સવિસ્તાર જવાબ.**

(૧) કવિ આ કવિતામાં બાળક શિવાજીને માતા જીજાબાઈ દ્વારા નાનપણથી જ દેશભક્તિનાં પાઠ ભણાવવાનું વર્ણન કરે છે. કવિ બાળક શિવાજીને કહે છે કે પેટ ભરીને પોઢવાનું, લાલ-પીળા વસ્ત્રો પહેરવાનું, ઘૂઘરા, ધાવણી, લાકડી વગેરે રમકડાં વડે રમી લેવાનું, કપાળે લાલ કંકુનો ચાંદલો કરવાનું અને માતાના ખોળામાં લાડ કરવાનું કહે છે.

(૨) યુવાન થયાં પછી દેશની રક્ષા માટે શિવાજીને તૈયાર રહેવું પડશે, હંમેશા યુદ્ધ ખેલવા માટે તૈયાર રહેવું પડશે, સતત જાગૃત રહેવું પડશે, હાથમાં તલવાર લઈને લોહીથી રંગાવું પડશે, તલવારના ઘા ઝીલવા પણ તૈયાર રહેવું પડશે. આમ યુવાનીમાં શિવાજીને ભયંકર પરિસ્થિતિઓનો સામનો કરવા તૈયાર રહેવાનું કવિ કહે છે.

**(ગ) કાવ્યપૂર્તિ કરો.**

(૧) આભમાં ઉગેલ ચાંદલો ને
જીજીબાઈને આવ્યા બાળ
બાળુડા ને માત હિંચોડે
ધણણણ ડુંગરા બોલે!
શિવાજીને નીંદરુ ના' વે
માતા જીજીબાઈ ઝૂલાવે

(૨) આજ માતા ચોડે ચુમીયું રે !
બાળા ઝીલજો બોવડ ગાલ
તે દી' તારા મોઢડા માથે
ધુંવાધાર તોપ મંડાશે.

## પ્રવૃત્તિ

છત્રપતિ શિવાજી વિશે વિદ્યાર્થીઓને જાતે લખવાનું કહો. આ વિષય પર પ્રોજેક્ટ પણ આપી શકાય

**મુખ્ય મુદ્દા -** શિવાજી મહારાષ્ટ્રનાં રાજા હતા

શિવાજી ને તેની માતા જીજીબાઈએ ઉછેરીને મોટા કર્યા હતા.

બાળપણથી જ શિવાજી શૂરવીરનાં પાઠ ભણ્યાં હતા.

વિદેશીઓથી ભારત દેશને બચાવવા માટે તે હંમેશા લડતા રહ્યા.

ભારત માટે શિવાજી ગૌરવ સમાન ગણાયા.

## વાત શબ્દોની

**(ક)**

| તળપદા શબ્દો | શુદ્ધ શબ્દો |
|---|---|
| ના'વે | નહીં આવે |
| ના'શે | નહાશે |
| રે'વાની | રહેવાની |
| રે'શે | રહેશે |

**(ખ)**

| તળપદા શબ્દો | શુદ્ધ શબ્દો |
|---|---|
| માત | માતા |
| બાળુડા | બાળક |
| નીંદરૂ | નીંદર |
| લખમણ | લક્ષ્મણ |
| જુદ્ધ | યુદ્ધ |
| મોઢેડા | મોઢું |

# ૧૦ : દાનેશ્વરી કર્ણ

## પ્રશ્ન અભ્યાસ

### (ક) નીચેના પ્રશ્નોના જવાબ.

(૧) સૂર્યદેવ તરફથી કર્ણને કવચ અને કુંડળ વરદાનમાં મળ્યાં હતા.

(૨) કવચ-કુંડળની વિશેષતા એ હતી કે જ્યાં સુધી કર્ણના શરીર પર કવચ-કુંડળ હોય ત્યાં સુધી તેને કોઈ હરાવી ન શકે

(૩) કર્ણની પ્રતિજ્ઞા હતી કે સૂર્ય-આરાધના પછી જે કોઈ યાચક તેને દ્વારે આવે તેને તે જે માંગે તે આપશે.

(૪) બ્રાહ્મણનું રૂપ લઈને ઈન્દ્ર કર્ણ પાસે આવ્યા.

(૫) કર્ણએ ઈન્દ્ર પાસેથી અમોઘ શક્તિ માંગી.

### (ખ) કોણ કોને કહે છે ?

(૧) સૂર્યદેવ કર્ણને કહે છે.

(૨) કર્ણ ઈન્દ્રને કહે છે.

## ભાષા અભ્યાસ

### (ક) વિરોધી શબ્દો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| એક | × | અનેક | સત્ય | × | અસત્ય |
| જન્મ | × | મૃત્યુ | માન | × | અપમાન |
| વરદાન | × | અભિશાપ | શત્રુ | × | મિત્ર |

### (ખ) સમાનાર્થી શબ્દો.

સૂર્ય - દિનકર

શત્રુ - દુશ્મન

સત્ય - સાચું

આભૂષણ - ઘરેણું

આરાધના - પ્રાર્થના

### (ગ) વર્ણો જોડીને નવા શબ્દ બનાવો.

૧. સત્ય　　૨. કર્ણ　　૩. યાચક　　૪.રૂપ　　૫. શરીર

**(ઘ) રેફ (ˆ) વાળા શબ્દો લખો.**

કર્ણ = ક્ + અ + ર્ + ણ્ + અ

ધર્મ = ધ્ + અ + ર્ + મ્ + અ

સૂર્ય = સ્ + ઊ + ર્ + ય્ + અ

વર્ણ = વ્ + અ + ર્ + ણ્ + અ

કાર્ય = ક્ + આ + ર્ + ય્ + અ

# ૮ : દીપોત્સવી પર્વ

## પ્રશ્ન અભ્યાસ

### (ક) નીચેના પ્રશ્નોના જવાબ.

(૧) દિવાળી ભારતનો ધાર્મિક તહેવાર ગણાય છે.

(૨) આસો વદ અમાસનો દિવસ 'દિવાળી' તરીકે ઉજવાય છે.

(૩) દિવાળીનાં દિવસે ચૌદ વર્ષ વનવાસ ગયેલા શ્રી રામ, જાનકી અને લક્ષ્મણ સાથે અયોધ્યા પાછા ફર્યા હતાં તેથી દિવાળી તહેવાર ઉજવાય છે.

(૪) ધનતેરસને દિવસે લોકો લક્ષ્મીપૂજન કરે છે.

(૫) બેસતા વર્ષના દિવસે લોકો એક બીજા ને મળે છે અને નૂતનવર્ષાભિનંદન આપે છે.

### (ખ) સવિસ્તાર જવાબ.

૧ થી ૩ વિદ્યાર્થીઓ જાતે કરશે.

## કેલેન્ડર વિશે

### વિક્રમ સંવત પ્રમાણે બાર મહિનાના નામ.

| | | | |
|---|---|---|---|
| ૧. કારતક | ૨. માગશર | ૩. પોષ | ૪. મહા |
| ૫. ફાગણ | ૬. ચૈત્ર | ૭. વૈશાખ | ૮. જેઠ |
| ૯. અષાઢ | ૧૦. શ્રાવણ | ૧૧. ભાદરવો | ૧૨. આસો |

### ઈસવી સન્ પ્રમાણે બાર મહિનાનાં નામ.

| | |
|---|---|
| ૧. જાન્યુઆરી - JANUARY | ૨. ફેબ્રુઆરી - FEBRUARY |
| ૩. માર્ચ - MARCH | ૪. એપ્રિલ - APRIL |
| ૫. મે - MAY | ૬. જૂન - JUNE |
| ૭. જુલાઈ - JULY | ૮. ઓગસ્ટ - AUGUST |
| ૯. સપ્ટેમ્બર - SEPTEMBER | ૧૦. ઓક્ટોબર - OCTOBER |
| ૧૧. નવેમ્બર - NOVEMBER | ૧૨. ડિસેમ્બર - DECEMBER |

### ભાષા અભ્યાસ

(ક) વર્ણ-વિચ્છેદ.

(૧) શ્ + ર્ + ઈ + ર્ + આ + મ્ + અ = શ્રીરામ

(૨) પ્ + ર્ + અ + વ્ + આ + હ્ + અ = પ્રવાહ

(૩) દ્ + ઈ + વ્ + આ + ળ્ + ઈ = દિવાળી

(૪) શ્ + એ + ઠ્ + અ = શેઠ

(૫) ભ્ + આ + ર્ + અ + ત્ + અ = ભારત

## પ્રશ્ન અભ્યાસ

### (ક) નીચેના પ્રશ્નોના જવાબ.

(૧) સ્ત્રીઓ કૂવામાંથી પાણી ભરતી હતી.

(૨) વાતવાતમાં સ્ત્રીઓ પોતપોતાના દીકરાની વાત કરવા લાગી.

(૩) પહેલી સ્ત્રીનો પુત્ર સારો ગાયક હતો.

(૪) બીજી સ્ત્રીએ પોતાનાં પુત્રને ભીમ જેવો તાકાતવાન ગણાવ્યો.

(૫) સરસ્વતીની કૃપા ત્રીજી સ્ત્રીનાં દીકરા ઉપર વરસી હતી.

(૬) ચોથી સ્ત્રીનાં પુત્રએ પોતાની માં પાસેથી ઘડો લઈને ઘરે મૂકી આવ્યો.

(૭) ડોસીએ સાચો હીરો ચોથી સ્ત્રીનાં દીકરાને કહ્યો. કેમ કે તેણે માતાની મદદ કરી.

## વાત આપણી સમજની

### પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ.

(૧) 'સાચો હીરો' વાર્તામાંથી બોધ મળે છે કે આપણે હંમેશા બીજાને મદદરૂપ થવું જોઈએ. જેમ ચોથી સ્ત્રીના પુત્રએ તેને માતાને મદદ કરી તેમ આપણે પણ ઘરમાં મમ્મી-પપ્પા કે અન્ય સભ્યોને મદદરૂપ થઈએ તો જ સાચા હીરા સમાન ગણાય.

## વાત શબ્દોની

### (૧) સમાનાર્થી શબ્દ.

(૧) અલમસ્ત - પહેલવાન

(૨) તાકાત - શક્તિ

(૩) દીકરો - પુત્ર

(૪) સ્ત્રી - નારી

(૫) કંઠ - ગળું

(૬) મધુર - મીઠું

(૭) મગ્ન - તલ્લીન

(૮) આકાશ - ગગન

(૯) ચંદ્ર - શશિ

(૧૦) નદી - સરિતા

### (૨) વિરોધી શબ્દો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અલમસ્ત | × | દૂબળો | સારું | × | ખરાબ |
| મીઠું | × | કડવું | વ્હાલો | × | અપ્રિય |
| હોંશિયાર | × | ઠોઠ | | | |

## ભાષા અભ્યાસ

**(ક) લિંગ બદલો.**

| પુલ્લિંગ | સ્ત્રીલિંગ | પુલ્લિંગ | સ્ત્રીલિંગ |
|---|---|---|---|
| (૧) પુરુષ | સ્ત્રી | (૪) ગાયક | ગાયિકા |
| (૨) દીકરો | દીકરી | (૫) ડોસો | ડોસી |
| (૩) પુત્ર | પુત્રી | (૬) પિતા | માતા |

**(ખ) રૂઢિપ્રયોગેના અર્થ અને વાક્ય પ્રયોગ.**

(૨) સરસ્વતીની કૃપાં વરસવી - અભ્યાસમાં હોંશિયાર થવું.
વાક્ય : મારી ઉપર હમેંશા સરસ્વતી ની કૃપા વરસતી રહે.

(૩) મગ્ન થવું - એક ધ્યાન થવું.
વાક્ય : હમેંશા મગ્ન થઈ ને અભ્યાસ કરવો જોઈએ.

## પ્રશ્ન અભ્યાસ

### (ક) નીચેનાં પ્રશ્નનો જવાબ.

(૧) રાણી લક્ષ્મીબાઈનો જન્મ ઈ.સ. ૧૮૩૫ની ૧૯મી નવેમ્બરે વારાણસી (કાશી)માં એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો.

(૨) લક્ષ્મીબાઈનું મૂળ નામ મનિકર્ણિકા હતું.

(૩) ઘરનાં લોકો લક્ષ્મીબાઈને 'મનુ' કહીને બોલાવતાં.

(૪) લક્ષ્મીબાઈના દત્તક પુત્રનું નામ દામોદરરાવ હતું.

(૫) રાણી લક્ષ્મીબાઈએ પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો કે 'મૈ અપની ઝાંસી કભી નહીં દૂંગી.'

### (ખ) સવિસ્તાર જવાબ.

(૧) રાણી લક્ષ્મીબાઈ ભારતનો પ્રથમ સ્વતંત્ર્ય સંગ્રામ લડનારી સાહસિક, નિડર, પરાક્રમી નારી હતી. તે ભારત દેશનું ગૌરવ હતી. બાજીરાવ પેશ્વાનાં પુત્ર નાના સાહેબની સાથે રહીને તેણે શસ્ત્રવિદ્યા અને ઘોડેસવારી શીખી હતી. આમ તે યુદ્ધકલામાં નિપૂણ બની ગઈ. અંગ્રેજોની ગુલામીમાંથી ભારત દેશને આઝાદ કરવા માટે ઈ.સ. ૧૮૫૭નો વિપ્લવ લડવામાં રાણી લક્ષ્મીબાઈ મોખરે હતી. તેની યુદ્ધકલા જોઈને અંગ્રેજો પણ મોંમા આંગળા નાખી જતા. તેણીએ એકલે હાથે ઘણાં અંગ્રેજોને હરાવ્યા હતાં ને મોતને ઘાટ ઉતાર્યા હતાં.

(૨) રાણી લક્ષ્મીબાઈ નાનપણથી જ શસ્ત્રવિદ્યા અને ઘોડેસવારી શીખી હતી. તે યુદ્ધકલામાં નિપૂણ હતી ઈ.સ.૧૮૫૭ના વિપ્લવમાં અંગ્રેજોની સામે નિડરતાપૂર્વક લડી હતી. પોતાના દત્તકપુત્ર દામોદરરાવને પીઠ પાછળ બાંધીને તેનું રક્ષણ કરતાં-કરતાં તે અંગ્રેજો સામે વાર કરતી હતી. તે ઝાંસીનો કિલ્લો કબજે કરવા તે અંગ્રેજો સામે શૂરવીરતાથી લડી હતી. તેને લડતી જોઈને અંગ્રેજો મોંમા આંગળા નાખી ગયા હતાં. અંગ્રેજોએ આ ભારતીય વીરાંગના ના વખાણ કર્યા હતા. મરતાં-મરતાં પણ તેણે એકલે હાથે અનેક અંગ્રેજોને મોતને ઘાટ ઉતાર્યા હતાં.

## ભાષા અભ્યાસ

### (ક) સમાનાર્થી શબ્દો.

સ્વતંત્રતા - આઝાદી, મુક્તિ

પુત્ર - સૂત, દીકરો

શૂરવીર - બહાદુર, સાહસી

અવસાન - મૃત્યુ, નિધન

હિસ્સો - ભાગ

**(ખ) વિરોધી શબ્દો**

નિડર × ડરપોક

રાજા × રંક

દેશભક્ત × દેશદ્રોહી

**(ગ) રૂઢિપ્રયોગના અર્થ અને વાક્યપ્રયોગ**

૧) મોં માં આંગળા નાખી જવા - આશ્ચર્ય ચકિત થઈ જવું

વાક્ય – રાણી લક્ષ્મીબાઈ સામે યુદ્ધમાં અંગ્રેજો મોં માં આંગળા નાખી ગયા.

૨) વાર કરવો – હુમલો કરવો

વાક્ય – અંગ્રેજોએ રાણી લક્ષ્મીબાઈ પર વાર કર્યો.

૩) કબજે કરવું – અધિકાર જમાવવો

વાક્ય – દુકાનદારે કૂટનીતિથી દુકાન પોતાને કબજે કરી લીધી.

## પ્રશ્ન અભ્યાસ

### (ક) પ્રશ્નોનાં જવાબ.

(૧) મોંઘામૂલો વીર (ભાઈ) છે.

(૨) ભાઈને આકાશનાં ચાંદા જેવો સુંદર કહ્યો છે.

(૩) ચંપો ફૂલવાડીમાં ખીલે છે.

(૪) ઘરમાં વીરાનો ઉજાસ છે.

(૫) દેવે માવડી (મા) દીધી છે.

(૬) આ કવિતામાં બહેન ભાઈને આકાશનાં ચાંદા સાથે, રાજા સાથે, ચંપાના ફૂલ સાથે, સૂર્ય સાથે સરખાવે છે.

### (ખ) કાવ્ય પૂર્તિ.

(૧) ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ
મોંઘામૂલો છે મારો વીર જો
ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ...

(૨) એક તો સુહાગી ગગન ચાંદલો રે લોલ
બીજો સુહાગી મારો વીર જો

## ભાષા અભ્યાસ

### (ક) સમાનાર્થી શબ્દો.

(૧) મોંઘામૂલો - કિંમતી

(૨) પારણું - ઝૂલો - બાળકો માટે

(૩) ફૂલ - પુષ્પ

(૪) ઉજાસ - અજવાળું

(૫) સૂર્ય - રવિ

## Class : 6 Gujarati 5. કરામતી કેમેરો

### પ્રશ્ન અભ્યાસ

**(ક) પ્રશ્નોના જવાબ.**

(૧) 'કેમેરો' શબ્દ મૂળ લેટિન ભાષાનો છે.

(૨) ઈરાકમાં ઈબ્ન-અલ-હઝૈન નામના વૈજ્ઞાનિકે સૌ પ્રથમ કેમેરાની શોધ કરી.

(૩) અંગ્રેજ વૈજ્ઞાનિક કરાબર્ટ બૉયલ તથા કરાબર્ટ હુકે સન ૧૬૬૦માં નાનો પોર્ટેબલ કેમેરો બનાવ્યો.

(૪) વિદ્યાર્થી જાતે લખશે.

(૫) કેમેરાનાં ઉપયોગો અને ફાયદાઓ.

**ઉપયોગો** : ૧. ફોટા પાડવા માટે
૨. વિડિયો શૂટીંગ કરવા માટે
૩. ફિલ્મ શૂટીંગ કરવા માટે

**ફાયદાઓ** : ૧. આપણા સગા-વહાસાઓની યાદી ફોટા રૂપે કાયમી સાચવી શકાય છે.
૨. ફિલ્મ જોઈને મનોરજંન મળે છે.
૩. અવનવું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

### આપણી વાત

વિદ્યાર્થીઓ જાતે કરશે.

### ભાષા અભ્યાસ

**(ક) વર્ણ વિચ્છેદ.**

(૧) કેમેરો = ક્ + એ + મ્ + એ + ર્ + ઓ

(૨) ઓરડો = ઓ + ર્ + અ + ડ્ + ઓ

(૩) સુધારો = સ્ + ઉ + ધ્ + આ + ર્ + ઓ

(૪) કરામત = ક્ + અ + ર્ + આ + મ્ + અ + ત્ + અ

**(ખ) 'ઈક' પ્રત્યય.**

વૈજ્ઞાનિક આધુનિક સામાજિક ધાર્મિક માર્મિક

## Class : 6 Gujarati 4. હતો હું સૂતો પારણે પુત્ર નાનો

### પ્રશ્ન અભ્યાસ

**(ક) પ્રશ્નોના જવાબ.**

(૧) બાળકને દુ:ખી જોઈને તેની મા દુ:ખી થાય છે.

(૨) બાળકને સુખી કરવા માટે મા પોતે ભીનામાં સૂઈને બાળકને સૂકામાં સુવડાવે છે.

(૩) બાળક પડે ત્યારે માં પોતાની મીઠી વાણીથી 'ખમ્મા' કહીને છાનો રાખે છે.

(૪) બાળકની સંભાળ રાખવા માટે માં પોતે ભીનામાં સૂઈને બાળકને સૂકામાં સૂવડાવે છે. બાળકની તબિયતને અનુકૂળ હોય એવું જ ખાય છે. મીઠા-મધુર અવાજે ગીતો સંભળાવે છે અને બાળકને લાડ લડાવે છે. બાળક પડી જાય ત્યારે હેતથી તેને 'ખમ્મા-ખમ્મા' કહીને સંભાળી લે છે ને તેને છાતી સરસું ચાંપીને પોતાનું દૂધ પાઈને ઉછેરે છે.

**(ખ) કાવ્ય પંક્તિ પૂર્ણ કરો.**

(૧) સુકામાં સુવાડે ભીને પોઢી પોતે,
પીડા પામું પંડે, તજે સ્વાદ તો તે,
મને સુખ માટે કટુ કોણ ખાતું.

(૨) લઈ છાતી સાથે બચી કોણ લેતું,
તજી તાજુ ખાજુ મને કોણ દેતું,
મને કોણ મીઠા મુખે ગીત ગાતું.

### ભાષા અભ્યાસ

**(ક) વિરોધી શબ્દો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| સૂવું | × | જાગવું | સૂકું | × | ભીનું |
| રડવું | × | હસવું | મીઠાં | × | કડવાં |
| દુ:ખી | × | સુખી | | | |

**(ખ) કહેવતો અને તેનાં અર્થ.**

(૧) માં તે માં બીજા વગડા નાં વા

**અર્થ:** મનુષ્યનાં જીવનમાં માંનું ખૂબ જ મહત્વ હોય છે.

(૨) ગોળ વિના મોળો કંસાર, માં વિના સૂનો સંસાર

**અર્થ:** જેમ કંસારમાં ગોળ વગર ન ચાલે તેમ જીવનમાં મા વગર અધૂરું લાગે છે.

(૩) છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય

**અર્થ:** દીકરા - દીકરીઓ ની ભૂલો ને માતા-પિતા માફ કરી દે છે.

# Class : 6 Gujarati 3. તપેલા મરી ગયા

## પ્રશ્ન અભ્યાસ

### (ક) પ્રશ્નોના જવાબ.

(૧) વાસણને વેપારી લોભી અને બદમાશ હતો.

(૨) બીરબલે વાસણવાળા પાસેથી ત્રણ મોટા તપેલા ખરીદ્યાં.

(૩) બીરબલના ત્રણ તપેલાએ ત્રણ બચ્ચા એટલે કે નાની તપેલીઓને જન્મ આપ્યાની વાત સાંભળીને દુકાનદારે બીરબલને મૂર્ખ માન્યો.

(૪) બીરબલે દુકાનદાર પાસેથી ત્રણ તપેલાં ભાડે લીધાં હતાં. પછી તેણે એક તપેલું પાછું આપ્યું.

(૫) બે તપેલાં મરી ગયાં.

### (ખ) કોણ કોને કહે છે?

(૧) બીરબલ દુકાનદારને કહે છે.

(૨) દુકાનદાર બીરબલને કહે છે.

## ભાષા અભ્યાસ

### (ક) 'દાર' પ્રત્યયવાળા શબ્દો.

| | |
|---|---|
| દુકાનદાર | કામદાર |
| ચોકીદાર | માલદાર |
| હવાદાર | જવાબદાર |

### (ગ) વર્ણ વિચ્છેદ કરો.

દુકાન = દ્ + ઉ + ક્ + આ + ન્ + અ

બચ્ચા = બ + ચ્ + ચ્ + આ

બીરબલ = બ્ + ઈ + ર્ + અ + બ્ + અ + લ્ + અ

સફળ = સ્ + અ + ફ્ + અ + ળ્ + અ

# Class : 6 Gujarati 1 મંગલ મંદિર ખોલો

## પ્રશ્ન અભ્યાસ

### (ક) એક એક વાક્યમાં ઉત્તર.

(૧) કવિએ મંદિરને મંગલ કહ્યું છે.

(૨) કવિએ ઈશ્વર માટે દયામય શબ્દનો પ્રયોગ કર્યો છે.

(૩) તિમિર ગયા પછી જ્યોતિ પ્રકાશ્યો.

(૪) કવિને ઈશ્વરનું નામ મધુર લાગે છે.

### (ખ) સવિસ્તાર જવાબ.

(૧) કવિએ બાળકને દિવ્ય-તૃષાતુર એટલે કે જીજ્ઞાસુ કહ્યો છે. બાળક ઈશ્વર પાસે ભગવાનનાં દર્શનની અપેક્ષા રાખે છે. તે એવું ઈચ્છે છે કે પ્રભુની કૃપા તેનાં પર અમીરસની માફક નિરંતર વરસતી રહે. બાળક ઈશ્વરની ભક્તિ નિરંતર કરતાં-કરતાં પોતાનું જીવન ધન્ય બનાવવા માગે છે.

(૨) કવિ નરસિંહરાવ દિવેટિયા આ કાવ્ય દ્વારા મનુષ્યની ભક્તિ ભાવના વ્યક્ત કરે છે. ઈશ્વરને 'દયામય' શબ્દ દ્વારા સંબોધિત કરીને કવિ કહે છે કે હે ઈશ્વર આપનાં દર્શન અમારા જીવનને ધન્ય બનાવી દે છે. સમયના વેગમાં જીવન પૂર્ણ થઈ જશે. હવે મનુષ્યનાં જીવનમાં ભક્તિ રૂપી જ્ઞાનનો પ્રકાશ ફેલાયો છે. તિમિર દૂર થયું છે. હવે ભક્તિની લગન લાગી છે તો હે ઈશ્વર ! તમે અમને આપના બાળક ગણીને અમારા પર કૃપા વરસાવો. અમે તો આપની સામે બાળક સમાન છીલે. અમારી જીજ્ઞાસા શાંત કરીને આપનાં દર્શન કરાવો અને આપની શરણમાં લો.

### (ગ) કાવ્ય પંક્તિ પૂર્ણ કરો.

(૧) જીવન વન અતિ વેગે વટાવ્યુ.
દ્વાર ઊભો શિશુ ભોળો
દયામય ! મંગલ મંદિર ખોલો !

(૨) નામ મધુર તમ રચ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો,
દયામય! મંગલ મંદિર ખોલો !

## વાત શબ્દોની

### (ક) સમાનાર્થી શબ્દ.

| | | |
|---|---|---|
| વન - જંગલ | દ્વાર - દરવાજો | શિશુ - બાળક |
| તિમિર - અંધકાર | ઉર - હૃદય | અમી - અમૃત |

### (ખ) વિરોધી શબ્દો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| તિમિર | × | પ્રકાશ | જન્મ | × | મરણ |
| અમી | × | ઝેર | શુભ | × | અશુભ |
| પ્રેમ | × | નફરત | ભોળો | × | કપટી |

## પ્રશ્ન અભ્યાસ

### (ક) પ્રશ્નોનાં જવાબ.

(૧) વંદનામેડમે રીસેસમાં ક્લાસમાં બેસીને નાસ્તો કરવાની વિદ્યાર્થીઓને સૂચના આપી કારણકે બહાર ધોધમાર વરસાદ વરસતો હતો.

(૨) કુમુદ લંચબોક્ષમાં થેપલા અને ગળ્યો છૂંદો લાવી હતી.

(૩) કુમુદનાં પિતા મજૂરી કરતાં હોવાથી અને તે ગરીબ ઘરની દીકરી હતી તેથી આકાંક્ષા કુમુદ પ્રત્યે નફરત બતાવતી હતી.

(૪) આકાંક્ષાને કુમુદે બચાવી હતી.

(૫) જે માણસ મનથી મોટો હોય તેને સાચો અમીર ગણાય.

### (ખ) પ્રશ્નોનાં જવાબ.

(૧) કુમુદનું છઠ્ઠા ધોરણમાં 'રાઈટ ટુ એજ્યુકેશન' યોજના પ્રમાણે વગર ફીએ એડમીશન થયેલું હતું. તેનો કોર્સ થોડો ચાલી ગયો હતો તેથી વંદનામેડમે કુમુદને બાકી રહેલી નોટબુક પૂરી કરાવવા માટે આકાંક્ષા પાસે બેસાડી હતી. આકાંક્ષાને આ ન ગમ્યું કેમ કે કુમુદ મજૂરી કરતાં ગરીબ પિતાની દીકરી હતી.

(૨) સ્વીમીંગના કોચ સુધામેડમ ક્લાસની બધી છોકરીઓને સ્વીમીંગ પુલમાં લઈ ગયા. આકાંક્ષા લાઈનમાં ઊભી-ઊભી અકળાતી હતી. તેથી તે મેડમની નજર ચૂકવીને મોટા હોજ તરફ ગઈ. કુમુદે આ જોયું. તે જાણતી હતી કે આકાંક્ષાને તરતા નથી આવડતું. જો તે ડૂબકી મારે તો તેને બચાવવા માટે કુમુદ આકાંક્ષાની પાછળ ગઈ.

# Class : 6 Gujarati 2 અમીર કોણ ?

## વાત શબ્દોની

### (ક) વિરોધી શબ્દો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| હોંશિયાર | × | ઠોઠ | નફરત | × | પ્રેમ |
| અમીર | × | ગરીબ | આવડત | × | અનાવડત |
| જાણીતું | × | અજાણ્યું | | | |

### (ખ) દ્વિરુક્તિ.

| | | |
|---|---|---|
| પાછળ - પાછળ | આગળ - આગળ | થઈ - થઈ |
| ઊભી - ઊભી | જોઈ - જોઈને | જયાં - જયાં |

### (ગ) પાઠમાંના અંગ્રેજી શબ્દો.

| | | |
|---|---|---|
| લંચબોક્ષ | સ્વીમીંગપુલ | રીસેસ |
| ક્લાસ | બિલ્ડિંગ | સ્કૂલ |

## ભાષા અભ્યાસ

### (ક) વર્ણો છૂટા પાડો.

(૧) કુમુદ = ક્ + ઉ + મ્ + ઉ + દ્ + અ
(૨) પ્રત્યે = પ્ + ર્ + અ + ત્ + ય્ + એ
(૩) દિવસ = દ્ + ઈ + વ્ + અ + સ્ + અ
(૪) આગ્રહ = આ + ગ્ + ર્ + અ + હ્ + અ
(૫) અમીર = અ + મ્ + ઈ + ર્ + અ

### (ખ) શબ્દો બનાવો.

(૧) તરત (૨) ગરીબ (૩) કાયમ
(૪) પગલું (૫) ધોરણ